Media Release

ત્વરિત જાહેરાત માટે

# દ રોઝ બ્રૅમ્પટન જાહેર કરે છે તેમની વિન્ટર/સ્પ્રિંગ 2022 સિઝન જેમાં હશે કન્સર્ટ્સ, સંગીત નાટકો, વિશેષ ઈવેન્ટ્સ અને બીજું ઘણું બધું!

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (02 ડિસેમ્બર 2021) – દ રોઝ બ્રૅમ્પટન રજૂ કરે છે વિન્ટર/સ્પ્રિંગ 2022 સિઝન જે ચાલશે જાન્યુઆરીથી એપ્રિલ 2022 સુધી. જેમાં સમાયેલ છે બે મુખ્ય માલિકાઓ, દ રોઝ પ્રેઝન્ટ્સ (*The Rose Presents*) અને દીસ ઈઝ બ્રૅમ્પટન (*This is Brampton*), જેમાં દરેક જણ માણી શકે એવું રોમાંચક મનોરંજન પીરસાશે.

આ સિઝનમાં *The Rose Presents* રજૂ કરશે પ્રખ્યાત સંગીતકારો, કૅનેડાના લિજન્ડ્સ અને વિશ્વ વિખ્યાત રંગમંચ અને સંગીતની મંડળીઓ જેમાં સમાવેશ થાય છે:

- ટોમ કોક્રેન, કૅનેડાના સૌથી માનીતા રૉક સ્ટાર,
- દ વૉશબોર્ડ યુનિયન (The Washboard Union), ત્રણ વખતથી અણનમ CCMA ગ્રૂપ ઓફ દ યર (Group of the Year),
- દ ઓરિજીનલ વેઈલર્સ (The Original Wailers), જેઓએ બૉબ માર્લેનો વારસો ચાલુ રાખ્યો છે,
- જૉહ્ની રિડ (Johnny Reid), છ વખત JUNO એવોર્ડ વિજેતા ગાયક-ગીતકાર, 2022 GRAMMY એવોર્ડ નોમિની, અને બ્રૅમ્પટન આર્ટ્સ વૉક ઓફ ફ્રેમ મેળવનાર વ્યક્તિ,
- બર્નાડિટ પીટર્સ (Bernadette Peters), બ્રોડવેનો સૌથી ચમકતો સિતારો, અને GRAMMY એવોર્ડ વિજેતા,
- પૉલ રિઝર (Paul Reiser), જેઓ છે કોમેડી સેંટરના ટોપ 100 કોમેડિયન્સ ઓફ઼ ઓલ ટાઈમ,
- ડ્વેઈન ગ્રેટ્ઝકી (Dwayne Gretzky), કૅનેડાના પ્રવર્તમાન ચેમ્પિયન્સ ઓફ઼ નોસ્ટેલ્જીયા.
- 6 ગીટાર્સ (6 Guitars), જે સંગીત અને કોમેડીનું પિચ-પરફ઼ેક્ટ મિશ્રણ છે,
- દ મશ હોલ (The Mush Hole), મોહોક ઈન્સ્ટિટ્યુટ રેસિડેંશ્યલ સ્કૂલ એક્સપેરિઅન્સ છે જેને રજૂ કરશે કાહાવી ડાન્સ થિએટર (Kaha:wi Dance Theatre),
- અને બીજું ઘણું બધું!

દ રોઝ સ્થાનિક કલાકારોને ઝળકાવવા માટે અને ફાળો હોય સંગઠનો સાથે ભાગીદારી કરીને જેની તે સેવા કરે છે તે સમુદાયને પ્રદર્શિત કરવા, પાળવા અને વધાવી લેવા પ્રતિબદ્ધ છે. સહ રજૂઆતના ભાગીદાર છે દ રોઝ ઑર્કેસ્ટ્રા, બ્રૅમ્પટન કન્સર્ટ બૅન્ડ અને બ્રૅમ્પટન મ્યુઝિક થિએટર.

દિસ ઈઝ બ્રૅમ્પટન સ્ટુડિયો IIમાં પાછું ફરે છે અને રજૂ કરશે બ્રૅમ્પટનની જોરદાર પ્રતિભાઓ માટે એક ઘનિષ્ઠ અને નિકટતમ પ્લેટફોર્મ અને સાથે જ કલાત્મક વિકાસની એકઆમૂલ્ય તક. માલિકાના ક્યુરેટરોમાં સમાવેશ થાય છે બી-જાઝ્ડ (B-Jazzed), ઓફ દ રેકોર્ડ (off the record), સ્ટેન્ડ અપ સ્ટિચિઝ (Stand-Up Stitches), સાઉન્ડ ડ્રાઈવ રેકોર્ડ્સ (Soundrive Records), સ્પેડ્સ મિડિયા (Spades Media), બ્રૅમ્પટન ફોક ક્લબ (Brampton Folk Club) અને જોની રિવેક્સ (Johnny Rivex).

વિન્ટર/સ્પ્રિંગ 2022 સિઝનની ટિકિટો હવે ઉપલબ્ધ છે. સમગ્ર સમયપત્રક જોવા માટે ટિકિટો ખરીદો અને વધુ જાણકારી મળવો, અહીં મુલાકાત લો [therosebrampton.ca](https://therosebrampton.ca) અથવા બોક્સ ઓફિસને 905.874.2800 પર કૉલ કરો.

**સુવાક્યો**

"દ રોઝ બ્રૅમ્પટન ફરી એક વખત લાવ્યા છે શહેરના દરેક જણ માણી શકે એવું શ્રેષ્ઠ મનોરંજન. COVID-19 ને કારણે એક લઆંબા અંતરાલ બાદ દ રોઝ રૂબરૂ ઈવેન્ટ્સ ભજવવા માટે તૈયાર છે અને હું બધાને પોતાની ટિકિટો મેળવી લેવ આહ્વાન કરું છું અને આ જબરદસ્ત સ્થળ પર પરફોર્મન્સનો અનુભવ લેવા કહું છું.

– *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"દ રોઝ બ્રૅમ્પટનની વિન્ટર/સ્પ્રિંગ 2022 સિઝન સંગીત નાટ્ય પ્રયોગોથી માંડીને કોમેડી સુધીનું બધું જ રજૂ કરશે અને આ શો જોવા માટે મારી ધીરજ ખરેખર ખુટી ગઈ છે. બ્રૅમ્પટન વૈવિધ્યની રંગોળી છે જ્યાં આપણે કલા, સંસ્કૃતિ અને મનોરંજનનો ઉત્સવ મનાવીએ છીએ અને આ શહેરના કલાકારોનો વિકાસ સાધવા માટે સ્થાનિક સંસ્થાઓ સાથે રંગભૂમિને કાર્ય કરતા જોઈને આનંદ થાય છે."

– *હરકિરત સિંઘ, સિટી કાઉન્સિલર, વૉર્ડ 9અને 10, પ્રમુખ, કોર્પોરેટ સર્વિસિસ, સીટી ઓફ બ્રૅમ્પટન*

"દ રોઝ બ્રૅમ્પટન ખાતેની ટીમે સમર્થકો અને સમુદાયને એકબીજા સાથે જોડવા માટે મહામારી દરમિયાન અનેક રીતે સખત મહેનત કરી છે. રૂબરૂ શો માટે વેન્યુને ફરીથી ખુલતું જોઈને આનંદની લાગણી થાય છે અને તે પણ આવા જોરદાર લાઈન અપ સાથે ધમાકેદાર શરૂઆત કરી રહ્યા હોય ત્યારે. આજે જ આપની ટિકિટો મેળવી લો!"

– *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

"લોકો હોય ત્યાં જ જીવન છે! જોરદાર મનોરંજન માટે ચાલો ભેગા મળીએ દ રોઝ ખાતે, અને જીવનને માણી લઈએ. ચાલો એકબીજાના દિલને એકબીજા સાથે જોડી લઈએ."

- સ્ટિવન સ્કિપર (Steven Schipper), એક્ઝિક્યુટિવ આર્ટિસ્ટિક ડાયરેક્ટર, પર્ફોર્મિંગ આર્ટ્સ, સિટી ઓફ બ્રૅમ્પટન

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**દ રોઝ બ્રૅમ્પટન તે બ્રૅમ્પટનનું પ્રિમિયર પરફોર્મિંગ આર્ટ્સનું સ્થળ છે અને તે ડાઉનટાઉનના હાર્દની આઇકોનિક લાક્ષણિકતા ગણી શકાય.** શહેરના એક મહત્ત્વપૂર્ણ ભાગ તરીકે તે સ્થાનિક અને વિશ્વ વિખ્યાત કલાકારો માટેનું ગંતવ્ય સ્થાન છે જે બ્રૅમ્પટન અને બહારના લોકો એક જોરદાર સેટિંગમાં બહોળી શ્રેણીની પ્રતિભાઓનો અનુભવ કરવાની તકો પૂરી પાડે છે. સ્થાપત્ય અને ધ્વનિતંત્રની દ્રષ્ટીએ ઉત્કૃષ્ટ હોવાથી દ રોઝ એવું સ્થાન છે જ્યાં બ્રૅમ્પટનમાં જાન ફૂંકાય છે. Therosebrampton.ca પર વધુ જાણકારી લો

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
પ્રભજોત કૈન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca